# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




## સંક્ષિપ્ત સમાચાર

### મહિસાગર જિલ્લા પંચાયત ખાતે નિ:શુલ્ક આયુર્વેદિક, હોમીયોપેથીક નિદાન કેમ્પ યોજાયો



**સંતરામપુર |** મહિસાગર જિલ્લા પંચાયત ખાતે નિ:શુલ્ક સર્વરોગ આયુર્વેદિક અને હોમીયોપેથીક નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો. 'રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ-2024ના 9મો આયુર્વેદ દિવસની ઉજવણી'ના ભાગરૂપે 'વૈશ્વિક સ્વાસ્થય માટે આયુર્વેદ નવીનતા' થીમ અંતર્ગત આ કેમ્પ યોજાયો હતો. જેમાં જિલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલે ધનતેરસના દિવસે શ્રી ધન્વંતરી પૂજન કરી ખુલ્લો મૂક્યો હતો. આ કેમ્પ જીલ્લા પંચાયત કચેરી, કલેક્ટર કચેરી, પોલીસ અધિક્ષકની કચેરી, મામલતદાર કચેરીનાં તમામ અધિકારીઓ - કર્મચારીઓ માટે તથા નાગરિકો માટે આયોજન કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આયુર્વેદને લગતા ચાર્ટનું પદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

### બાકરોલ સ્થિત સ્પેક ફાર્મસીના વિદ્યાર્થી કૈલાસ નેરની રાજ્ય કક્ષાએ પસંદગી કરાઇ



**આણંદ |** તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ ફાર્મસીના વિદ્યાર્થી કૈલાસ નેરનું પ્રિ-રિપબ્લિક ડે કેમ્પ વેસ્ટ ઝોનમાં રાજ્ય કક્ષાએ સિલેક્શન થયું. આ સ્પર્ધા જીટીયુ એનએસએસ દ્વારા ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં યોજાઈ હતી. આ સ્પર્ધામાં કૈલાસે જીટીયુના પ્રતિનિધિ તરીકે ભાગ લીધો હતો. જેમાં તેનું સિલેક્શન થયું. આ પ્રિ-રિપબ્લિક ડે કેમ્પ જલગાંવ, મહારાષ્ટ્રમાં 12મી નવેમ્બરે યોજાશે. આ સમગ્ર કાર્યક્રમ ઇવેન્ટ કોઓર્ડિનેટર પ્રો. નિર્મલ જરિયા અને પ્રો. પ્રિયલ ચૌહાણ ના માર્ગદર્શન અને સહાયથી આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની સફળતા પ્રાપ્ત કરવા બદલ સંસ્થાના ચેરમેન ગિરીશ પટેલ, સેક્રેટરી શિતલ પટેલ તેમજ ટ્રસ્ટીઓ જૈમિન પટેલ, ધર્મેશ પટેલ, વિકાસ પટેલ, બ્રિજેશ પટેલ, ભાવિન પટેલ તથા પ્રિન્સિપાલ ડો. ધવલ પટેલ તેમજ સ્ટાફગણ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### ચારુસેટને ગ્રામીણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાનના પગલે એવોર્ડ એનાયત કરાયો



**આણંદ |** કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલયના ઉન્નત ભારત અભિયાન (UBA) અંતર્ગત રીજીયોનલ કો-ઓર્ડીનેટીંગ ઇન્સ્ટીટ્યુટ સરદાર વલ્લભભાઈ નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી (SVNIT) સુરત દ્વારા ચાંગા સ્થિત વિખ્યાત ચારુસેટ યુનિવર્સિટીને યુબીએ બેસ્ટ પરફોર્મિંગ પાર્ટીસીપેટીંગ ઇન્સ્ટીટ્યુટ (PI) એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ચારુસેટ કેમ્પસમાં યોજાયેલા એવોર્ડ એનાયત સમારંભમાં કો-ઓર્ડીનેટર ડો. કૃપેશ ચૌહાણ, કમિટી મેમ્બર ડો. પીનલ એન્જિનિયર અને મેનેજર શ્યામ રંગરેજ ઉપસ્થિત રહ્યા હતા. આ એવોર્ડ ચારુસેટ તરફથી પ્રોવોસ્ટ ડો. આર. વી. ઉપાધ્યાયે સ્વીકાર્યો હતો. ઉન્નત ભારત અભિયાન અંતર્ગત ગ્રામીણ વિકાસ માટે ઉત્તમ કાર્ય બદલ નોલેજ પાર્ટનર તરીકે 2023-2024 ના વર્ષનો એવોર્ડમાં ચારુસેટને એનાયત થયો હતો. આ કાર્યમાં સંયોજનની ઉત્તમ કામગીરી બદલ ડો. દિલીપ ગોસાઈ, કો-ઓર્ડીનેટર, યુબીએ, ચારુસેટને પ્રશસ્તિપત્રથી નવાજવામાં આવ્યા હતા.

### આણંદના કરમસદ સ્થિત ભાઇકાકા યુનિવર્સિટી ખાતે રંગોળી સ્પર્ધા યોજાઇ



**આણંદ |** કરમસદ સ્થિત ભાઇકાકા યુનિવર્સિટી દ્વારા સંચાલિત સંસ્થા તથા શ્રીકૃષ્ણ હોસ્પિટલના વિવિધ વિભાગોના કર્મચારીઓ દ્વારા રચનાત્મક રંગોળી કરવામાં આવી હતી. જેમાં હોસ્પિટલની વિવિધ 27 જગ્યાએ સ્ટાફ દ્વારા સુંદર રંગોળીનું પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધામાં 8 કેટેગરીમાં પ્રોત્સાહન ઇનામ જાહેર કરવામાં આવ્યાં હતાં. જેમાં હોસ્પિટલના રિસેપ્શન વિસ્તારને શ્રેષ્ઠ સાઇઝ માટે, કે.એમ. પટેલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ફિઝિયોથેરાપી કોલેજની રંગોળીને શ્રેષ્ઠ રચના માટે, પ્રિવિલેજ સેન્ટરના રિસેપ્શનની રંગોળીને શ્રેષ્ઠ રંગોના સંયોજન માટે, કાર્ડિયાક સેન્ટરના રિસેપ્શનને શ્રેષ્ઠ ડિઝાઇન માટે, આંખ રોગોની ઓપીડીને શ્રેષ્ઠ ડિઝાઇન - વિશેષ માન્યતા માટે, નર્સિંગ ઇન્સ્ટિટ્યુટને ભાઇકાકા યુનિવર્સિટીના શ્રેષ્ઠ થીમ માટે, ઇએનટી રોગની ઓપીડી તથા હાઉસ કીપીંગ સ્ટાફને શ્રેષ્ઠ રાષ્ટ્રીય સંદર્ભના થીમ માટે અને ગાયનેક લેબર રૂમને તંદુરસ્ત સમાજના નિર્માણ વિષય પર રંગોળી બનાવી હતી.


ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com


### આણંદના સોની બજારમાં સતત બે દિવસ ધનતેરસનો માહોલ દેખાયો : લગ્નસરાની ખરીદીમાં ઉછાળો રહ્યો

# આણંદમાં સોના-ચાંદીના દાગીનાનું ધૂમ વેચાણ થયું










**સોનાનો** ભાવ વધવા છતાં લોકોનું આકર્ષણ હજુ પણ એટલું જ રહ્યું છે

(પ્રતિનિધિ) આણંદ તા.30

આણંદ શહેરના સોની બજાર અને જ્વેલર્સના શો રૂમમાં જાણે બે દિવસ ધનતેરસ હોય તેવો માહોલ જોવા મળ્યો હતો. વેપારીઓને ત્યાં મંગળવાર અને બુધવારના રોજ સોના - ચાંદીની મોટાપાયે ખરીદી થઇ હતી. જેના કારણે વેપારીઓમાં આનંદની લાગણી છવાઈ હતી. જોકે, સોનાનો ભાવ વધવા છતાં લોકોને હજુ પણ તેના પ્રત્યે આકર્ષણ અકબંધ રહ્યું છે.

આણંદ શહેરના જ્વેલર્સના શો રૂમ અને સોની બજારમાં ધનતેરસની ખરીદી માટે મોટી સંખ્યામાં ઘરાકી જોવા મળી હતી. ખાસ કરીને જ્વેલર્સ શો રૂમમાં વ્હેલી સવારથી જ ભીડ જોવા મળી હતી. આ ઉપરાંત શુભ મુર્હૂતને ધ્યાનમાં લઇ પણ ખરીદી કરવા ગ્રાહકો ઉમટી પડ્યાં હતાં. અલબત્ત, આ વરસે સોનાનો ભાવ વધુ હોવાથી ખરીદી પર અવળી અસર પહોંચે તેવી ભીતિ વેપારીઓમાં હતી. પરંતુ લોકોમાં આજે પણ સોના પ્રત્યે એટલો જ અતૂટ વિશ્વાસ છે. તે ઊંચા ભાવ છતાં ધૂમ ખરીદી પરથી જોવા મળી હતી. જેથી આકર્ષણ અકબંધ રહ્યું છે. આણંદ શહેરના વિદ્યાનગર રોડ પર સ્થિત પ્રમુખપૂજન જ્વેલર્સમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના ભગવતચરણ સ્વામીએ લક્ષ્મી પૂજન કરીને ધનત્રયોદશીનું શુભ મુર્હુત કર્યું હતું અને આશીર્વાદ આપ્યાં હતાં. જે પ્રસંગે પ્રમુખ જ્વેલર્સના હરિકૃષ્ણભાઈ સોની પણ હાજર રહ્યાં હતાં.

#### લોકોએ મનમુકીને ખરીદી કરી છે

'ધન તેરસમાં દર વર્ષ જેવી જ ઘરાકી છે, લોકોએ મનમુકી ખરીદી કરી છે. સોનાનો ભાવ વધારે હોવા છતાં ગ્રાહકોએ ખરીદીમાં રસ દાખવ્યો છે. આગામી લગ્ન સિઝનની ખરીદી શરૂ થઈ છે. આમ, લોકોનું સોનાના પ્રત્યે આકર્ષણ અકબંધ જોવા મળ્યું છે.' **- ઘનશ્યામભાઇ સોની, પ્રમુખ જ્વેલર્સ, આણંદ.**

#### સોના પ્રત્યે ગ્રાહકોનો અતૂટ વિશ્વાસ યથાવત છે

'સોનાના ઉંચા ભાવ છતાં સોના પ્રત્યેનો પ્રેમ અને વિશ્વાસ અકબંદ રહ્યો છે. ખરીદી વધી છે. લોકો હજુ પણ પહેલા જેટલું જ સોનું ખરીદી કરી રહ્યાં છે. ખાસ કરીને લગ્ન સિઝન માટે સોનાની એટલી જ માંગ છે. ગ્રાહકોનો અતૂટ વિશ્વાસ અને પ્રેમ હજુ પણ યથાવત છે.'

**- નિલય સોની, ઝવેરાત.**

# સેવાલિયામાં પકડાયેલું એમ.ડી. ડ્રગ્સ તેલંગાણાથી રાજકોટ લઈ જવાનું હતુ

**6.55 લાખનું** એમ.ડી. ડ્રગ્સ પકડાવવા મામલે એસ.ઓ.જી. પોલીસને તપાસ સોંપાઇ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.30

ખેડા જિલ્લાના સેવાલીયા પોલીસ મથકે ગતરોજ મહારાજના મુવાડા ચેકપોસ્ટ પાસે મેફોડ્રોન ડ્રગ્સ સાથે એક પરપ્રાંતિય ઈસમ ઝડપાયો હતો. આ ઈસમની પૂછપરછમાં તે આ ડ્રગ્સનો જથ્થો તેલંગાણાના હૈદરાબાદથી લાવ્યો હતો અને રાજકોટ પહોંચાડવા નીકળ્યો હોવાની કબુલાત કરી છે.

મળતી માહિતી મુજબ સેવાલિયા પોલીસ હદમાં મહારાજના મુવાડામાં નવી ચેક પોસ્ટ પાસેથી મેકડ્રોન ડ્રગ્સ સાથે કેરળનો ઈસમ ઝડપાયો હતો. ઈસમે પૂછપરછમાં પોતાનું નામ મુહમ્મદ મુબીર સુલેમાન કુંજ (રહે. તિરુવલ્લા, કેરળ) હોવાનું કબુલ્યુ હતુ. તેમજ તેની પાસેથી પોલીસે 6.55 લાખનો મેફોડ્રોન નામના ડ્રગ્સનો જથ્થો ઝડપી લીધો છે. આ ઈસમને પોલીસે ખાનગી ટ્રાવેલ્સ બસમાંથી ઝડપ્યો હતો. આ ઈસમે પોલીસને જણાવ્યા મુજબ રાજકોટ પહોંચી અને તે કોઈને કોલ કરવાનો હતો અને ત્યાંથી આગળનું લોકેશન મળતા તે સપ્લાય કરવા જવાનો હતો. આ સમગ્ર મામલે હાલ જિલ્લા પોલીસ વડાએ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપને તપાસ સોંપી છે. જેમાં પોલીસે આરોપીની સઘન પૂછપરછ શરૂ કરી છે. આ પુછપરછમાં એમડી ડ્રગ્સના સમગ્ર નેટવર્કની માહિતી મેળવવા પ્રયાસ કરાશે.





# નડિયાદમાં બિલ્ડીંગના મીટરોમાં આગ લાગી

**પાણીનો** મારો ચલાવી અને આગ પર કાબુ મેળવ્યો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.30

નડિયાદના કોલેજ રોડ સ્થિત એક કોમ્પલેક્ષમાં આજે આગની ઘટના બની હતી. ખાનગી બિલ્ડીંગના ભોંયતળીયે મીટરમાં શોર્ટસર્કિટથી આગ લાગતા ભારે અફરાતફરી મચી હતી. ઘટનાનો કોલ ફાયર બ્રિગેડની ટીમને મળતા જ સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.

મળતી માહિતી મુજબ નડિયાદના કોલેજ રોડ પર આવેલા ક્રિષ્ના ક્રાઉન્સ નામના બિલ્ડીંગના ભોંયતળીયે મીટરમાં એકાએક શોર્ટસર્કીટથી આગ લાગી હતી. અચાનક લાગેલી આ આગ આસપાસના તમામ મીટરોમાં ફરી વળી હતી અને ભોંયતળીયે આવેલા તમામ મીટરો ભળભળ સળગી ઉઠ્યા હતા. આ ઘટનાનો કોલ નડિયાદ ફાયર બ્રિગેડની ટીમને મળ્યો હતો. જેથી ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી અને આગ પર કાબુ મેળવ્યો હતો.

જો કે, ફાયરની ટીમ પહોંચે તે પહેલા ખૂબ મોટા પાયે અત્રે આગ ફેલાઈ ગઈ હતી અને મીટરો આ આગમાં તબાહ થઈ ગયા હતા. ઘટના બનતા જ તાત્કાલિક વીજ સપ્લાય બંધ કરી દેવાયો હતો. સદનસીબે આ આગ બિલ્ડીંગમાં ફેલાઈ તે પહેલા જ તેના પર કાબુ મેળવી લેવાયો હતો. જો કે, આ ઘટના દરમિયાન અત્રે મોટા પાયે ધુમાડાના ગોટેગોટા વળી ગયા હતા.

# દિવાળી પર્વ દરમિયાન આકસ્મિક સંજોગો માટે 108 સજ્જ રહેશે

**ખેડા જિલ્લાના** 98 કર્મચારી પરિવાર સાથે તહેવારની ઉજવણીને બદલે ઈમરજન્સી સેવા આપશે

(પ્રતિનિધિ) નડીયાદ, તા. 31

દિવાળીના પર્વ દરમિયાન ફટાકડાં તથા નવા વર્ષની ઉજવણીના ભાગરૂપે વાહનોની અવરજવરનો વધારો થતો હોય છે. જેના કારણે આકસ્મિક રીતે અકસ્માતના બનાવો બનતા હોય છે. જેનો અંદાજ 108 ઈમરજન્સીમાં છેલ્લા કેટલાક વર્ષોના સર્વે પરથી દિવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજના આ ત્રણ દિવસ દરમિયાન નોંધપાત્ર રીતે 17% ઈમરજન્સી કેસ વધારો થયો છે. સામાન્ય દિવસો દરમિયાન 108 ઈમરજન્સીની 18 એમ્બ્યુલન્સ દ્વારા રોજ ની સરેરાશ 110 ઈમરજન્સી માં સેવા આપવામાં આવે છે. જે વધી ને 140 થી 150 કેસનો નોંધ પાત્ર વધારો જોવા મળે છે. ખાસ કરીને વાહન અકસ્માત અને વાહન વગરના અકસ્માત બનાવો 50% કરતા વધુ હોય છે. ફટાકડાના કારણે દાઝી જવું અને દારુખાનાના ધુમાડાના લીધે શ્વાસ ચઢવાના કેસ જોવા મળે છે. જ્યારે દિવાળી તહેવાર ના લીધે મીઠાઈના કારણે ડાયાબીટીસ, પેટમાં દુખાવાના, ફૂડ પોઈઝન, ખેંચ આવવી ઉલ્ટી જેવા બનાવો બનતા હોય છે.

ખેડા જિલ્લામા દિવાળી ના પવિત્ર તહેવાર નિમિતે ખેડા જિલ્લામાં 108 ઈમરજન્સી સર્વિસના કર્મચારીઓ સાથે પ્રોગ્રામ મેનેજર બલદેવ રબારી તથા સુપરવાઈઝર ઈરફાન દિવાન સહીત આર્મીની જેમ ખડેપગે હાજર રહેશે. આશરે 18 જેટલી 108 એમ્બ્યુલન્સ કાર્યરત રહેશે અને સામાન્ય દિવસોમાં આશરે એક દિવસના 80થી 90 જેટલા ઈમરજન્સી કેસ આવે છે. પરંતુ દિવાળી ના તહેવારને ધ્યાનમાં 110થી 120 કેસ આવે તેવુ અનુમાન છે. આશરે 15 % જેટલી ઈમરજન્સી વધે છે. આશરે 80 થી વધુ કર્મચારી સલામતી સેવા માટે 24×7 રાત દિવસ ખડેપગે હાજર રહેશે.

### વાલવોડમાં ONGCના ટાંકામાં ધડાકા સાથે ભયંકર આગ ભભુકી



બોરસદ તાલુકાના વાલવોડ ગામેથી ખેડાસા પીપળી જવાના માર્ગ ઉપર આવેલ ઓએનજીસીના ટાંકામાં ધડાકા સાથે વિકરાળ આગ લાગવાનો બનાવ બન્યો છે. સદનસીબે આ બનાવમાં કોઇ જાનહાની થઇ નથી. બપોરે 2:45 કલાકે આગ ભભુકી ઉઠી હતી. પરંતુ સતત બે કલાક સુધી આગ ચાલુ રહી હતી. ફાયર બ્રિગેડ પહોંચતા આગ પર કાબુ મેળવી લેવાયો હતો. આ આગના બનાવના સ્થળેથી માત્ર પાંચ કિલોમીટર દૂર ભાદરણ પોલીસ સ્ટેશન આવેલું છે. જ્યારે બનાવથી 15 કિલોમીટર દૂર સુધી આકાશમાં ધુમાડા દેખાયા હતા પણ સાવચેતી - સલામતી માટે પાંચ કિલોમીટર દૂરથી પોલીસ ન પહોંચતા વાલવોડ તથા આજુબાજુના ગ્રામજનોમાં ખૂબ રોષ ફેલાયો છે.જોકે ONGC દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાથી અનિચ્છનીય ઘટના બની નહોતી. જેથી સ્થાનિકોએ હાશકારો અનુભવ્યો હતો.

### બોરસદમાં જુગાર રમતાં 5 પકડાયાં

(પ્રતિનિધિ) બોરસદ તા.30

બોરસદના વહેરા ગામમાં હજારીયાપુરા સ્મશાન પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સ જુગાર રમતાં હોવાની બાતમી મળી હતી. આ બાતમી આધારે પોલીસે ટીમ બનાવી 29મી ઓક્ટોબરના રોજ નમતી બપોરે દરોડો પાડ્યો હતો. આ દરોડામાં નાસભાગ મચી જતાં પોલીસે કોર્ડન કરી 5 શખ્સને પકડી પાડ્યાં હતાં. આ શખ્સોની પુછપરછ કરતાં સોમા ગલા તળપદા, સાગર રસીક પટેલ, રમેશ પથુર તળપદા, સુરેશ પુંજા તળપદા અને પરષોત્તમ પ્રભાત તળપદા હોવાનું જણાવ્યું હતું. આ તમામ શખ્સ પાસેથી પોલીસે રોકડ સહિત રૂ.3930નો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વિધાનગરમાં દિવ્યાંગો સાથે પ્રી-દિવાળી ઉજવાઇ

**દિવ્યાંગો સાથે** પ્રીતિભોજન આરોગવા સાથે રંગોળી કરી અને દીવા પ્રગટાવ્યા તેમજ ફટાકડા ફોડીને મહાનુભાવોએ દિવાળી ઉજવી

(પ્રતિનિધિ) આણંદ તા.31

આણંદ સેતુ ટ્રસ્ટમાં દિવ્યાંગ, અનાથ અને સિંગલ પેરન્ટ્સ બાળકો અને વિદ્યાર્થીઓને રહેવા, જમવા સહિતની સુવિધા હોસ્ટેલમાં નિઃશુલ્ક આપવામાં આવે છે. પ્રજ્ઞાચક્ષુ સુધાબેન પટેલની આગેવાનીમાં ચાલતા આ ટ્રસ્ટ અનેકવિધ સમાજ ઉપયોગી સેવાકીય પ્રવૃતિઓ અને ધાર્મિક ઉત્સવની ઉજવણી કરે છે. આ વર્ષે આ સેવાકાર્ય અને દિવાળી ઉત્સવની ઉજવણીમાં આકાંક્ષા હોસ્પિટલના સુપ્રસિદ્ધ ગાયનેકોલોજીસ્ટ ડો.નયનાબેન પટેલ જોડાયા હતા. તેઓની સાથે ડો. મૌલિના પટેલ, આશ્રય ફાઉન્ડેશનના સ્થાપક વીનલબેન પટેલ, મહેન્દ્રભાઈ પટેલ, ભુપેન્દ્રભાઈ પટેલ, અશ્વિનભાઈ પટેલ, સોહિનીબેન (આદર્શ મસાલા - ભાદરણ), વલ્લભ વિદ્યાનગરના પુર્વ કાઉન્સિલર રૂપલબેન પટેલ, ગીરીશભાઈ પટેલ, અન્ય દાતાઓ ઉપસ્થિત રહ્યા હતા.



આણંદ સેતુ ટ્રસ્ટ દિવ્યાંગ હોસ્ટેલ ખાતે સમાજના પ્રતિષ્ઠીતો અને સામાજિક, રાજકીય આગેવાનોએ દિવ્યાંગ વિદ્યાર્થી અને વિધાર્થિનીઓ સાથે દિવાળીની ઉજવણી કરી ઉત્સવની સાર્થકતા ઉજળી કરી છે. દિવ્યાંગજનોને પારિવારિક હુંફ અને સ્નેહ સાથે આ સામાજિક આગેવાનોએ દિવાળી ભેટ રૂપે નમકીન અને મીઠાઈ પણ આપી હતી. દિવ્યાંગો સાથે પ્રીતિભોજન સાથે રંગોળી કરી અને દીવા પ્રગટાવ્યા હતા. આ ઉપરાંત પર્યાવરણને નુકસાન ન થાય તેવા ફટાકડા ફોડીને દિવ્યાંગોને પ્રોત્સાહન મળી રહે તેવા ઉત્સાહ સાથે દિવાળી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

મહત્વનું છે કે આ ઉત્સવમાં દાતા પ્રિયાબેન પટેલ અને વૈશાલીબેન દિવ્યાંગ વિદ્યાર્થીઓને દિવાળીની વિશિષ્ઠ ભેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉત્સવ ઉજવણીમાં સેતુ ટ્રસ્ટના પ્રમુખ જીતેન્દ્રભાઈ પટેલ, ફાઉન્ડર અને જનરલ સેક્રેટરી પ્રજ્ઞાચક્ષુ સુધાબેન પટેલ, ખજાનચી ચિરાગભાઈ પટેલ, ટ્રસ્ટી રાધાબેન પટેલ, રાખીબેન પટેલ, ગિરીશભાઈ પટેલ, પર્યાવરણ જાગૃતિ કૉ-ઓર્ડીનેટર વ્રજ પટેલ, લાઈવ બ્લડ ડોનેશન કૉ-ઓર્ડીનેટર જય પાનશેરીયા, કરંટ અફેર્સ કૉ-ઓર્ડીનેટર વેદ પટેલ, સોશિયલ મીડિયા કૉ-ઓર્ડીનેટર વંદન કળથીયા ઉપસ્થિત વગેરેની ઉપસ્થિતીએ ઉત્સવ ઉજવણીમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને મોજમજા કરાવી હતી. હાલ શાળા કોલેજમાં વેકેશન હોવાથી તમામ દિવ્યાંગજનો પોતાના ઘરે જવા રવાના થવાના હોઈ સેતુ ટ્રસ્ટ દ્વારા પ્રી- દિવાળી નું આયોજન કરાયું હતું.